



સુવિચાર : અન્યકેરા દર્દ દેખીને, જેના હૃદયમાં ગમ નથી, માનો તે માનવીની જીંદગીમાં દમ નથી - ઉમાશંકર જોષી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૪ | ૨૩ જુલાઇ, ૨૦૧૫, ગુરૂવાર ; અષાઢ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં ઝરમર-ઝરમર વરસાદ

## ઝરમર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી : ધોધમાર વરસાદની અપેક્ષા વિરૂદ્ધ શહેરમાં ઝરમરીયો વરસાદ નોંધાયો : તાપમાનનો પારો ગગડયો

ગાંધીનગર, તા.૨૨

સતત વાદળછાયા વાતાવરણ અને ધીમી ધારના વરસાદને કારણે ઠંડક પ્રસરી ગઈ છે. શહેરનો માહોલ કોઈ હીલ સ્ટેશન જેવો બની ગયો છે. જો કે ધોધમાર વરસાદ ન વરસતા શહેરીજનો થોડાક નિરાશ થયા છે. ભારે વરસાદની હજુ અપેક્ષા છે.

ગઈ કાલે એકાદ બે ઝાપટા પડયા બાદ રાત્રે પણ એકાદ વરસાદી ઝાપટુ પડયું હતું. આજે સવારથી જ વાતાવરણ એકદમ ખુશનુમા બની ગયું હતું. વાદળોની સતત અવરજવર વચ્ચે સુર્યની સંતાકુકડી ચાલુ રહી હતી. ભેજનું પ્રમાણ ખુબ વધુ હોવાથી બફારો અનુભવાતો હતો. બપોર બાદ વાદળોનો ઘેરાવો વધ્યો હતો. વાદળો ઘેરાતા ધીમીધારનો વરસાદ શરૂ થયો હતો. ધીમા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. માર્ગો ભીંજાઈ ગયા હતા. સાંજ સુધીમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ચાર થી પાંચ વખત વરસાદી ઝાપટા પડતાં માર્ગો ભીંજાયા હતા. તાપમાનનો પારો ગગડયો હતો. જેના પરિણામે વસાહતીઓને ગરમીથી છુટકારો મળ્યો હતો. વૃક્ષો જાણે કે એકદમ નવપલ્લવીત થઈ ઉઠયા હતા. શહેરમાં ઠેર ઠેર વિચરણ કરતા મોરના ટહુકાઓથી વાતાવરણ ગાજી ઉઠયું હતું. શહેર કોઈ હીલ સ્ટેશન હોય તેવું લાગતું હતું. ધીમી ધારના વરસાદથી જિલ્લાના ખેડૂતો એકદમ આનંદિત થઈ ઉઠયા છે. વાવણીનું કામ પુરજોશમાં શરૂ થઈ ચુકયું છે. વીજ માંગમાં ઘટાડો થયો છે.

જો કે જે પ્રમાણે વાદળોનો ઘેરવો છે તે પ્રમાણે વરસાદ ન વરસતા શહેરીજનો નિરાશ થયા છે. ધોધમાર વરસાદમાં ભીંજાવાની સૌ કોઈ અપેક્ષા રાખી રહ્યા છે. ચાર પાંચ ઈંચ વરસાદ એક સાથે પડે તો સીઝન દરમિયાન નોંધાતા વરસાદનો આંકડો વધે તેમ છે. ગયા મહિને જુન માસમાં એક જ દિવસમાં પડેલા ચાર ઈંચ જેટલા વરસાદ બાદના અત્યાર સુધીના દિવસો એકદમ કોરાધાકોર રહ્યા છે. ગઈ કાલે રાત્રે અને આજે પડેલા ઝાપટાઓના પરિણામે શહેરમાં માત્ર ૬ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૩૧ ડિ.સે. જયારે લઘુત્તમ તાપમાન ૨૭ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૮૯ ટકા અને સાંજે ૯૨ ટકા રહ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લામાં વરસાદની પેટર્ન બદલાવ ભણી

## ગયા વર્ષે પણ જુલાઈના ત્રીજા સપ્તાહ બાદ જ ચોમાસાનું આગમન થયું હતું : વાવણીના કામમાં આવેલી ગતિ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વરસાદની પેટર્ન બદલાઈ રહી છે. ગયા વર્ષે પણ જુલાઈના અંતિમ દિવસો અર્થાત્ ૨૦ જુલાઈ પછી જ વરસાદનું આગમન થયું હતું. આ વખતે પણ વરસાદનો બીજો રાઉન્ડ જુલાઈની ૨૦મીથી શરૂ થયો છે.

જિલ્લામાં આમ તો સિઝનનો ૧૫ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. જેમાં માણસા તાલુકો એક જ એવો છે જ્યાં ખેતીલાયક વરસાદ અત્યાર સુધીમાં નોંધાયો છે.

પાંચ ઈંચ વરસાદને ખેતીલાયક વરસાદ ગણવામાં આવે છે તે ઉલ્લેખનીય છે. જિલ્લામાં આ વખતે છેલ્લા બે દિવસથી ધીમી ધારના વરસાદથી ખેતીનું કામક જે સ્થગિત થઈ ગયું હતું તેમાં પુનઃ વેગ આવ્યો છે. જો કે બીજા રાઉન્ડનો આ વરસાદ ખેડૂતો માટે કાચા સોના જેવો પુરવાર થયો છે.

જિલ્લામાં ગયા વર્ષે તો દુષ્કાળની પરિસ્થિતિ લગભગ જાહેર કરી દેવાઈ હતી પરંતુ ૨૦ જુલાઈ પછી થયેલા વરસાદને કારણે તંત્રએ અને લોકોએ રાહતનો દમ લીધો હતો. તંત્રએ ગત વર્ષે તો ઘાસની જરૂરિયાત સહિતના અંદાજો પણ તૈયાર કરી દીધા હતા જે ઉલ્લેખનીય છે.

ગ્લોબલ વોર્મિંગની અસરો ચોમાસાની ઋતુ પર થઈ રહી છે અને આ મોડા ચોમાસાના આરંભને લઈ શિયાળો પણ મોડો પડશે. જો કે વાવણીનો સમયગાળો હવે ખેડૂતો બદલશે તેમ મનાઈ રહ્યું છે. સામાન્યતઃ અખાત્રીજથી કૃષિવર્ષનો આરંભ થાય છે.

ખેડૂતો ખરીફ ઋતુ માટે ખેતરો ખેડી અને મેઘરાજાના આગમન સુધી તૈયાર કરે અને પછી આગમનની સાથે જ વાવણી કાર્ય આરંભાતુ હોય છે.

જિલ્લામાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૪૪ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. બે દિવસથી વરસાદના આગમનને લઈ ખેતીના કાર્યમાં પુનઃ વેગ આવ્યો છે. આ વખતે પણ ૧.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થશે તેવુ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં બદલાતી વરસાદી પેટર્નને પગલે આગામી સિઝનથી ખેડૂતો પણ પાક-પેટર્નમાં બદલાવ લાવે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે. જો કે છેલ્લા બે-ત્રણ વર્ષથી રોકડિયા પાકો તરફ ખેડૂતો વધુ વળી ગયા છે. આ ઉપરાંત ટપક સિંચાઈ પદ્ધતિના ઉપયોગ થકી બારમાસી ખેતીના પણ આગ્રહી પણ બન્યા છે.

# ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ૨૪મીએ સન્માન સમારોહ

## ૯૮ પૂર્વ સદસ્યો, પાંચ માજી સાંસદો અને ૧૭ પૂર્વ વિધાયકોનું શુક્રવારે સન્માન કરાશે

## બે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ૧૩ શતાયુ પૂર્ણ કરનાર વડીલોનું પણ સન્માન થશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા શુક્રવારે પાંચ માજી સાંસદ, ૧૭ પૂર્વ ધારાસભ્યો અને ૯૮ પૂર્વ પંચાયતના સદસ્યો સહિત ૧૩૫ જેટલા મહાનુભાવોનું સન્માન કરશે.

જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી આત્મારામભાઈ પરમારની ઉપસ્થિતિમાં યોજાનાર આ સન્માન સમારોહ અંગેની તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ થઈ ચુકી છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા કરાયેલા બહિષ્કારના એલાન પછી હવે

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદની હદને અડીને આવેલા ૩૦ ગામોમાં વાહકજન્ય રોગના દર્દીઓ નોંધાવાનો ભય : તંત્ર એલર્ટ

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદ શહેરના રાણીપ, ચાંદલોડિયા, ગોતા સહિતના વિસ્તારોમાં વકરતા જતા વાહકજન્ય રોગચાળાને પગલે જિલ્લાના કલોલ, ગાંધીનગર અને દહેગામના ૩૦ જેટલા ગામોમાં પણ આ રોગના દર્દીઓ નોંધાઈ શકે તેવી સંભાવનાઓને લઈ જિલ્લાનું આરોગ્યતંત્ર તંત્ર હરકતમાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૩૦ જેટલા ગામો એવા છે જે શહેરના વિવિધ વિસ્તારોને અડીને આવેલા છે તેમજ ભૂતકાળમાં પણ આ વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાના કેસો નોંધાયેલા છે. કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો આ હદને વધુ અડીને આવેલા છે.

તંત્રના સૂત્રોના કહેવા મુજબ હાલ કોઈ જ ભય નથી પરંતુ તેઓ સાવ બેધ્યાનપણ નથી પરંતુ પરિસ્થિતિ પર સંપૂર્ણ સતર્કતા સાથે નજર રાખી રહ્યા છે.

તંત્રના અધિકારીઓને ગ્રામ્ય વિસ્તારમાં એન્ટી લારવેલની કામગીરી તેમજ સર્વેલન્સને સઘન બનાવવા માટેની કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે એટલુ જ નહિ મોનીટરીંગ પણ સઘન રીતે કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ શહેરની સાથે સાથે જિલ્લાની હદના ગ્રામ્ય વિસ્તારોને જોડતા માર્ગો પર જે રીતે કન્સ્ટ્રક્શન સાઈટો ચાલી રહી છે તેથી તંત્ર ચિંતાતુર છે.

કલોલ વિસ્તારના બે જેટલા ગામો જે મેલેરિયાની સ્પ્રે કામગીરીમાં સમાવાતા હતા તે સઘન કામગીરીને પગલે આ વર્ષે યાદીમાંથી બાદ થયા છે. જિલ્લામાં હાલ એક પણ ગામ સ્પ્રેની યાદીમાં નથી.

જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષથી મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે જે પણ સઘન સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરીને આભારી છે પણ તંત્ર આજની સ્થિતિમાં કોઈ જ કચાશ રાખવા માંગતુ નથી.

જિલ્લામાં આ વખતે તંત્ર તકેદારીના પગલાં માટે સંપૂર્ણ રીતે સજ્જ હોવાનો દાવો સૂત્રો દ્વારા કરવામાં આવી રહ્યો છે. જિલ્લાની તમામ કન્સ્ટ્રક્શન સાઈટોને સાવચેતીના પગલાં લેવા માટે તાકીદ કરતા પત્રો પણ લખી દેવામાં આવ્યા છે એટલુ જ નહિ મજૂરોનું સ્ક્રીનીંગ પણ કરવામાં આવી રહ્યું છે તેમજ મોનીટરીંગ સઘન બનાવવામાં આવ્યું છે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ધો. 12 પાસ માટે 2400 જગ્યા રેવન્યુ તલાટી
રેગ્યુલર અને વીકએન્ડ બેચ, ફી રૂા. 9000, મટીરીયલ સાથે
UPSC, IAS, IPS, GPSC
શની-રવિની બેચ, ફી માત્ર રૂા. 15,000, મટીરીયલ સાથે, એક વર્ષ માટે
લોકસેવા એકેડમી
3, સંગાથ એપાર્ટમેન્ટ, SBI ની પાછળ, સ્ટેડીયમ 5 રસ્તા પાસે, નવરંગપુરા
ફોન : 27910131 મો. 97233 36482, 96389 54788
૧૩ વર્ષથી સફળતા અપાવનાર અમદાવાદના જાણીતા ક્લાસીસ લોકસેવા IAS ટ્રેનિંગ સેન્ટરનો ટૂંક સમયમાં ગાંધીનગર બ્રાન્ચનો પ્રારંભ

સેક્ટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે
ફોન : ૯૮૨૪૭૯૧૮૮૯
ફન પાર્ક
સમય : સાંજે ૫.૦૦ થી
સ્થળ : સેક્ટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ, વીટકોસ ડેપો પાસે, ગાંધીનગર.





પ્રવેશ ફી ફક્ત રૂ. ૧૦/- રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઈડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ટ્રેન, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

ગાંધીનગર કન્ઝ્યુમર કોર્ટ એડવોકેટ એસોસીએશન





પ્રમુખશ્રી - ધર્મેન્દ્રસિંહ આઈ.ચાવડા

ભદ્રેશ એમ.રાઠોડ
ઉપપ્રમુખશ્રી

એમ.એમ.ગોસ્વામી
મહામંત્રીશ્રી

આર.બી.પટેલ
મુખ્ય કન્વીનર

જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ગાંધીનગર. એમ.એસ.બિલ્ડીંગ, સાતમો માળ, સેક્ટર-૧૧ ખાતે તા.૯/૭/૨૦૧૫ ના રોજ મળેલ વકીલ મિત્રોની સામાન્ય સભામાં નક્કી થયેલી સલાહકાર સમિતિની સુચના અનુસાર નીચે મુજબના હોદ્દેદારોની વર્ષ ૨૦૧૫-૧૬ માટે સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવેલ છે.

ડો. હિમાંશુ વી. પટેલ (એડવોકેટ)
હિતેષ બી. પટેલ (શ્રીજી ગેસ)
હિરેન વી. પટેલ (વર્લ્ડ કેમ કો.)
દિપેશકુમાર ટી. પટેલ (વૃંદાવન બંગલો)
સુરેશકુમાર સી. શાહ (અમદાવાદ)
રાકેશકુમાર ટી. પટેલ (સેક્ટર-૪)

સ્વ. બાબુલાલ પી. પટેલ (અડાલજ)
&
સ્વ. વિઠ્ઠલભાઈ પી. પટેલ (અડાલજ)


